જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૬/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૭૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૭૦ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૮૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૦૭ બીયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૭,૬૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૭૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

મંદિરમાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૮૭૨/૨૦૨૬**

નારણપુરાઃ દુર્ગેશભાઈ સ/ઓ લક્ષ્મણભાઈ વછેટા (ઉ.વ.૩૭)(ધંધો.પુજારી)(રહે.શાસ્ત્રીનગર, સાંઈબાબા મંદિર પાસે, નારણપુરા) એ તા.૨૧/૦૬/૨૦૨૬ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૬ રાતના ૯/૩૦ થી તા.૧૯/૦૬/૨૦૨૬ સવારના ૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શાસ્ત્રીનગર, સાંઈબાબા મંદિરના પરીસરમાં કોઈ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સાંઈબાબા દેરીના દરવાજાનુ તાળુ તોડી, દેરીમાં મુકેલ સાંઈબાબાની એક જોડ ચાંદિની ચરણ પાદુકા, સાંઈબાબાની એક પંચ ધાતુની મુર્તી અને એક પિત્તળનો લોટો મળી કુલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.યુ.તરાલ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૭૩/૨૦૨૬**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ભાવનાબહેન વા/ઓ નૈલેષભાઈ પારેખ (ઉ.વ.૪૦)(રહે.પારેખવાસ, ગામડી ગામ, તા.દસ્ક્રોઈ, જી.અમદાવાદ) તા.૨૧/૦૬/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે એસ.પી.રીંગ રોડ, વટવા ગામડી ચાર રસ્તા રોડ ઉપર પોતાના પુત્ર ધ્વનિતના મોટર સાયકલ પાછળ બેસી પસાર થતા હતા ત્યારે આઈવા ડમ્પર નંબર જીજે.૩૩.ટી.૪૦૩૮ ના અજાણ્યા ચાલકએ ડમ્પર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી મોટર સાયકલને ટક્કર મારતા, ભાવનાબહેનના માથા ઉપર ડમ્પરનુ આગળનુ ટાયર ફરી વળતા શરીરે ગંભીર ઈજાઓ થતા ભાવનાબહેનનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ ભાવનાબહેનના પુત્ર ધ્વનિતભાઈ પારેખએ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી